

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 249
Dt.: 21-05-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


## સરકારી કર્મચારીઓને પ્રમોશન માંગવાનો કોઈ અધિકાર નથી: સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સરકારી કર્મચારીઓ પાસે જૂના સેવા નિયમો હેઠળ પદોન્નતિ (પ્રમોશન) માંગવાનો કોઈ નિહિત (સહજ) અધીકાર હોતો નથી. ચુકાદામાં કોર્ટે કહ્યું કે જગ્યા જૂના સેવા નિયમો સમયે ખાલી પડી હતી તેના કારણે થઈને સરકારી કર્મચારીઓને એ આધાર પર પ્રમોશનનો હક મળતો નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે સરકાર કઈ પણ ચરણમાં નવા સેવા નિયમ લાવીને પસંદગી અને પદોન્નતિની પદ્ધતિ અને પ્રક્રિયામાં ફેરફાર કરવા માટે સક્ષમ છે, પણ શરત એ કે તે મનમાની રીતે ન હોય. જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટીન જ્યોર્જ મસીહની પીઠે હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ ઓડિશા સરકારની અપીલ સ્વીકારતા આ ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું કે કોઈ પણ કર્મચારી પાસે ન તો પ્રમોશન મેળવવાનો કોઈ સહજ અધિકાર હોય છે કે ન તો તેને પ્રમોશનની કોઈ કાયદેસર અપેક્ષા પ્રાપ્ત હોય છે. પીઠે સ્પષ્ટ કર્યું કે કર્મચારીનો ફક્ત પોતાની ઉમેદવારી પર વિચાર કરવો એ એકમાત્ર સીમિત અધિકાર હોય છે. જો કે પીઠે કહ્યું કે જો સરકાર, જે નિમણૂક અધિકારી છે, તે પોતાના વિવેકથી એ નિર્ણય કરે કે ખાલી જગ્યાઓને પ્રમોશન દ્વારા નહીં ભરવામાં આવે (ખાસ કરીને ત્યારે જ્યારે કેડરમાં ફેરફાર અને પદોનું પુર્નગઠન થયું હોય) તો તેને નિમણૂક કરવા માટે બાધ્ય કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યાં સુધી વર્તમાન મામલાનો સવાલ છે તો તેમાં સહાયક ક્ષેત્રીય પરિવહન અધિકારીનું પદ પસંદગીવાળું પદ હતું, પ્રમોશનવાળું નહીં. આ સાથે જ તેમણે કહ્યું કે નિમણૂકની રીત એક નીતિગત મામલો છે, જે સંપૂર્ણ રીતે સરકારના અધિકાર ક્ષેત્રમાં આવે છે. પીઠે કહ્યું કે જો સરકારને નિમણૂકની રીત બદલવી યોગ્ય લાગે તો તે તેમના અધિકાર, સત્તા અને ક્ષમતાના દાયરામાં હતું. જ્યાં સુધી આ બદલેલી નીતિ મનમાની સાબિત ન થાય ત્યાં સુધી કર્મચારી તે પદ પર દાવો કરી શકે નહીં. અત્રે જણાવવાનું કે આ કેસ ઓડિશા પરિવહન વિભાગમાં કર્મચારીઓના પ્રમોશન સંબંધિત હતો. આ અગહાઉ ઓડિશા હાઈકોર્ટે રાજ્ય સરકારને જૂના નિયમો હેઠળ જ કર્મચારીઓના પ્રમોશન પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ આદેશને સંપૂર્ણ રીતે રદ કર્યો છે. કોર્ટે કહ્યું કે જો સરકાર પદોના પુર્નગઠન બાદ પ્રશાસનિક દક્ષતા માટે નવી અને વધુ પ્રતિસ્પર્ધાવાળી પ્રક્રિયા અપનાવે તો તેને કોઈ પણ રીતે ખોટી ઠેરવી શકાય નહીં. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની રાજધાનીઓમાં સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ રહેણાંક જગ્યાઓના વ્યવસાયિક ઉપયોગના દુરઉપયોગની તપાસ કરે અને રિપોર્ટ રજૂ કરે. આ નિર્દેશ ગેરકાયદેસર નિર્માણ અને જમીનના ઉપયોગ સંબંધિત નિયમોના ભંગના એક મામલામાં ઉઠાવવામાં આવેલી ચિંતાઓ બાદ અપાયા છે. પીઠે લોગનાથમ વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય કેસમાં આ નિર્દેશ આપ્યા. સુપ્રીમ કોર્ટે વિવિધ શહેરોમાં ભવન નિયમો અને જમીનના ઉપયોગના માપદંડોના કથિત ભંગના કેસનો પણ ઉલ્લેખ કર્યો. કોર્ટે કહ્યું કે રહેણાંક વિસ્તારોને વ્યવસાયિક ઝોનમાં બદલવાના કથિત પગલાંના નાગિરક અને પર્યાવરણ સંબંધિત પ્રભાવ હોઈ શકે છે.



### જોતાં જ ખુશ થઈ ગયા ઈટાલીના PM

## મોદીએ મેલોનીને ગિફ્ટ કર્યું મેલોડી ચોકલેટનું પેકેટ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ઈટાલીની મુલાકાતે છે, જ્યાં રાજધાની રોમમાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)રોમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ઈટાલીની મુલાકાતે છે, જ્યાં રાજધાની રોમમાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. PM મોદી અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગ્યા છે. તેમની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને મેલોડી ટોફી ચોકલેટનું પેકેટ ગિફ્ટ કર્યું હતું.




મેલોનીએ પોતે પીએમ મોદી તરફથી મળેલી આ ખાસ ભેટ અંગે સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કર્યો હતો અને તેમણે ગિફ્ટ માટે PM મોદીનો આભાર માન્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેના કારણે યુઝર્સ તરફથી વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ મળી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેમની મુલાકાતની ક્ષણો શેર કરતા, પીએમ મોદીએ કહ્યું કે, રોમ પહોંચ્યા પછી, મને વડાપ્રધાન મેલોની સાથે રાત્રિભોજન માટે જોડાવાની તક મળી, ત્યારબાદ અમે પ્રતિષ્ઠિત કોલોસીયમની મુલાકાત લીધી. અમે વિવિધ વિષયો પર વિચારોનું આદાનપ્રદાન કર્યું. હું આજે યોજાનારી અમારી ચર્ચાઓ માટે આતુરતાથી રાહ જોઈ રહ્યો છું, જ્યાં અમે ભારત અને ઈટાલી વચ્ચેની મિત્રતાને વધુ મજબૂત બનાવવાની રીતો પર અમારી વાતચીત ચાલુ રાખીશું.

બીજી એક પોસ્ટમાં ભારતીય વડાપ્રધાનનું ઉષ્માભર્યું સ્વાગત કરતા મેલોનીએ લખ્યું છે કે, રોમમાં આપનું સ્વાગત છે, મારા મિત્ર! તેમણે ઐતિહાસિક કોલોસિયમ ખાતે તેમના ફોટોગ્રાફ્સ પણ શેર કર્યા, જેમાં મુલાકાત દરમિયાન તેમની અનૌપચારિક વાતચીતનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન મોદીની મુલાકાત એવા સમયે આવી છે જ્યારે ભારત અને ઈટાલી વચ્ચેના સંબંધો વેગ પકડી રહ્યા છે. બંને દેશો વચ્ચે સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજના ૨૦૨૫-૨૦૨૯ને આગળ વધારવા માટે કામ કરી રહ્યા છે, જે મુખ્ય ક્ષેત્રોમાં સહયોગની રૂપરેખા આપે છે.

### ઈરાન સરકાર શાંતિ કરાર કરવા આતુર : ટ્રમ્પ

## ક્રેશ થઈ જશે ક્રૂડ ઓઈલની કિંમતો : ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો

### ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે હવે ઈરાન યુદ્ધ ટૂંક સમયમાં જ પૂરું થશે અને ઓઈલના ભાવ નીચે આવી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ તેમજ હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે આખી દુનિયા હાલમાં ભારે ઓઈલ અને ગેસ સંકટનો સામનો કરી રહી છે. ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલા ઉછાળાએ વૈશ્વિક સ્તરે મોંઘવારીનું જોખમ વધાર્યું છે, જેની માઠી અસર બ્રિટનથી લઈને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભારત સુધી જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત સતત $110 ડૉલર પ્રતિ બેરલ ચાલી રહી છે. જોકે, આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા છે કે ટૂંક સમયમાં જ ક્રૂડ ઓઈલના ભાવ ક્રેશ થઈ શકે છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે હવે ઈરાન યુદ્ધ ટૂંક સમયમાં જ પૂરું થશે અને ઓઈલના ભાવ નીચે આવી જશે.

ડોનાલ્ડ ટ્રમ્પના મતે, ઈરાન સાથે ચાલી રહેલો જંગ હવે બહુ લાંબી નહીં ખેંચાય અને ખૂબ જ ટૂંક સમયમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો કડાકો જોવા મળશે. તેમણે દાવો કર્યો છે કે, ઈરાન સરકાર અમારી સાથે શાંતિ કરાર કરવા માટે આતુર છે. ઈરાન પાસે ઓઈલનો અખૂટ ભંડાર હોવાથી, જો આ ડીલ સફળ રહેશે તો વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ખૂબ જ ઝડપથી ઘટી જશે. ત્યાં એટલો મોટો ઓઈલનો સ્ટોક છે કે માર્કેટમાં ભાવ ધડાધડ તૂટી જશે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, સાઉદી અરેબિયા, કતાર, યુએઈ, કુવૈત, બહેરીન અને અન્ય મધ્યપૂર્વના દેશો આ કરાર કરાવવા માટે એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે. અમેરિકા પણ ઈરાનને આ શાંતિ કરાર માટે મર્યાદિત સમય આપી રહ્યું છે, કારણ કે ઈરાનને કોઈ પણ સંજોગોમાં પરમાણુ હથિયાર રાખવાની મંજૂરી આપી શકાય નહીં. આ ઉપરાંત ટ્રમ્પે ચિંતા વ્યક્ત કરી હતી કે જો ઈરાન પરમાણુ હથિયાર મેળવી લેશે, તો તે ચોક્કસપણે તેનો ઉપયોગ કરશે.

એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે ચોંકાવનારો ખુલાસો કરતાં કહ્યું કે, હું ઈરાન પર સૈન્ય હુમલો કરવાનો આદેશ આપવાની બિલકુલ નજીક હતો. અમે હુમલા માટે સંપૂર્ણ રીતે તૈયાર હતા અને માત્ર એક જ કલાકનો સમય બાકી હતો. પરંતુ તે જ સમયે કતાર, સાઉદી અરેબિયા, કુવૈત અને યુએઈ સહિતના મધ્યસ્થી દેશોના ફોન આવ્યા અને મેં મારો ઈરાદો બદલી નાખ્યો. આ દેશોએ ખાતરી આપી હતી કે તેહરાન શાંતિ મંત્રણા માટે યોગ્ય વલણ અપનાવી રહ્યું છે.

## આર્થિક સંકટ માથે ઊભું છે અને PM ઈટાલીમાં ચોકલેટ વહેંચે છે: રાહુલ ગાંધીના તીખા પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા 'મેલોડી' ટૉફી મામલાને લઈને શાબ્દિક હુમલો કર્યો છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, આર્થિક તોફાન માથા પર છે, અને આપણા વડાપ્રધાન ઈટાલીમાં ટૉફી વહેંચી રહ્યા છે. તેમણે કહ્યું કે ખેડૂતો, યુવાનો, મહિલાઓ, મજૂરો અને નાના વેપારીઓ પરેશાન છે, જ્યારે વડાપ્રધાન હસીને રીલ બનાવી રહ્યા છે અને ભાજપના નેતાઓ તાળીઓ પાડી રહ્યા છે. રાહુલ ગાંધીએ તેને નેતૃત્વ નહીં, નાટક ગણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને ખાસ 'મેલોડી' ટૉફી ગિફ્ટ કરી. મેલોનીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માટે પીએમ મોદીનો આભાર માન્યો. ત્યારબાદ 'મેલોડી' સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયું.

કૉંગ્રેસ સાંસદ અને લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કહ્યું, નરેન્દ્ર મોદીએ છેલ્લા ત્રણ મહિનામાં દેશની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે જે પગલાં ભરવા જોઈતા હતા, તે ન ભર્યા. તેનાથી ઉલટું, તેઓ મેલોનીજી સાથે ટૉફી ખાઈ રહ્યા છે અને વીડિયો બનાવી રહ્યા છે, જાણે બધું મજાક ચાલી રહ્યું હોય. પછી જ્યારે આર્થિક તોફાન આવશે, ગરીબોને નુકસાન થશે, ખેડૂતોને ખાતર નહીં મળે, પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચવા લાગશે અને મોંઘવારી વધશે, ત્યારે મોદી હાથ જોડીને કહેશે- ભાઈઓ અને બહેનો, જો મારી ભૂલ હોય તો મને ફાંસી પર લટકાવી દો.

## ૧૩ રાજ્યોમાં ભારે તોફાન સાથે વરસાદનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉત્તર ભારતમાં તીવ્ર ગરમીના મોજા વચ્ચે હવામાન વિભાગે ૧૩ રાજ્યોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને તોફાનનું એલર્ટ જારી કર્યું છે. IMD એ તેના એલર્ટમાં જણાવ્યું છે કે આ રાજ્યોમાં આગામી ૧૫ કલાકમાં મુશળધાર વરસાદ પડી શકે છે, જેમાં ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે જે રાજ્યો માટે એલર્ટ જારી કર્યું છે તેમાં બિહાર, ઝારખંડ, ઓડિશા અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. આ રાજ્યોના રહેવાસીઓને બગડતા હવામાન દરમિયાન સતર્ક રહેવાની ચેતવણી આપવામાં આવી છે. લોકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ ઘર છોડતા પહેલા તેમની આસપાસની પરિસ્થિતિ તપાસે અને જ્યાં સુધી ખૂબ જ જરૂરી ન હોય ત્યાં સુધી બહાર ન નીકળે.

દિલ્હી (૨૧-૨૩ મે): દિલ્હી-NCRમાં તીવ્ર ગરમીનું મોજું વધી રહ્યું છે. આગામી ત્રણ દિવસ સુધી લોકોને ગરમીનો સામનો કરવો પડશે. ૨૦ મે થી ૨૨ મે સુધી ગરમીની ચેતવણી લાગુ છે. ૨૩ મે થી હવામાનમાં કેટલાક ફેરફારોની અપેક્ષા છે, જેમાં મોટાભાગે સ્વચ્છ આકાશ રહેવાની અપેક્ષા છે.

યુપી (૨૧-૨૫ મે): ઉત્તર પ્રદેશમાં ભારે ગરમીનો કહેર ચાલી રહ્યો છે. બાંદા જિલ્લામાં તાપમાન ૪૭.૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગે હવે પશ્ચિમ અને પૂર્વ ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર વધવાની આગાહી કરી છે. ૨૧ થી ૨૫ મે દરમિયાન ભારે ગરમ પવન ફૂંકાશે. આગ્રા, નોઈડા, જાલૌન, બરેલી, વારાણસી, પ્રયાગરાજ અને કાનપુર માટે હીટવેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

રાજસ્થાન (૨૧ -૨૨ મે): રાજસ્થાનના મોટાભાગના ભાગોમાં ભારે ગરમી પડી રહી છે. જોરદાર, ધૂળિયા પવનોની અપેક્ષા છે. ૨૦ થી ૨૨ મે દરમિયાન ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ધૂળિયા પવન ફૂંકાશે. આગામી અઠવાડિયા સુધી રાજ્યના મોટાભાગના ભાગોમાં શુષ્ક હવામાન રહેવાની સંભાવના છે, જેમાં મહત્તમ તાપમાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધવાની સંભાવના છે.

બિહાર (૨૧-૨૫ મે): હવામાન વિભાગે ૨૫ મે સુધી બિહારમાં વાવાઝોડા અને ભારે પવન ફૂંકાય તેવી ચેતવણી જારી કરી છે. આ સમયગાળા દરમિયાન, ૮૧ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે. રાજધાની પટનામાં વાવાઝોડા અને વરસાદ પડી શકે છે, જ્યારે પૂર્ણિયા, ભાગલપુર અને ગયા માટે પણ વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર (૨૧-૨૧ મે): મહારાષ્ટ્રનો વિદર્ભ પ્રદેશ તીવ્ર ગરમીના મોજાનો સામનો કરી રહ્યો છે. હવામાન વિભાગે ૨૦-૨૧ મેના રોજ અકોલા, અમરાવતી અને વર્ધા માટે તીવ્ર ગરમીના મોજા માટે "ઓરેન્જ એલર્ટ" જારી કર્યું છે. આગામી દિવસોમાં નાગપુર, વર્ધા, અકોલા, અમરાવતી અને યવતમાલ સહિત વિદર્ભના મોટાભાગના ભાગોમાં ગરમીથી રાહત મળવાની કોઈ આશા નથી.




## ભોજશાળાને મંદિર જાહેર કરાયા બાદ હવે કુતુબ મિનાર પર વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પ્રદેશના ધારમાં સ્થિત ભોજશાળામાં પૂજા કરવાની મંજૂરી આપતા કાનૂની નિર્ણય બાદ, હિન્દુ સંગઠનોમાં ઉત્સાહનો માહોલ છે.

હવે આ જ તર્જ પર દિલ્હીના ઐતિહાસિક કુતુબ મિનાર પરિસરમાં પણ પૂજા અને અર્ચના કરવાનો અધિકાર મેળવવા માટેની કાનૂની લડતને વેગ આપવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

યુનાઈટેડ હિન્દુ ફ્રન્ટ ના બેનર હેઠળ હિન્દુ સંગઠનોનું એક વિશેષ પ્રતિનિધિમંડળ ટૂંક સમયમાં દેશના જાણીતા વરિષ્ઠ વકીલ વિષ્ણુ શંકર જૈનની મુલાકાત લેશે, જેમણે ભોજશાળા અને જ્ઞાનવાપી જેવા હાઈ-પ્રોફાઈલ કેસોમાં હિન્દુ પક્ષનું પ્રતિનિધિત્વ કર્યું છે. ઈતિહાસકારો અને હિન્દુ સંગઠનોના જણાવ્યા અનુસાર, કુતુબ મિનાર પરિસરમાં આવેલો પ્રખ્યાત લોહ સ્તંભ વાસ્તવમાં રાજા અનંગપાલ દ્વારા બનાવવામાં આવેલા વિષ્ણુ મંદિરનો એક ભાગ હતો, જેને વિષ્ણુ સ્તંભ તરીકે ઓળખવામાં આવે છે. આ સ્તંભની નજીક જ એક વિવાદાસ્પદ માળખું આવેલું છે જેને કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદ નામ આપવામાં આવ્યું છે.

પુરાતત્વ વિભાગના પૂર્વ નિર્દેશક ડૉ. ધર્મવીર શર્માના મતે, આ માળખું કુતુબુદ્દીન ઐબકે ૨૭ હિન્દુ અને જૈન મંદિરો તોડીને તેના મલબામાંથી બનાવ્યું હતું, જેની પુષ્ટિ મસ્જિદના મુખ્ય ગેટ પર લખાયેલા શિલાલેખ પરથી પણ થાય છે. આજે પણ આ દિવાલો પર સનાતન સંસ્કૃતિના પ્રતીકો અને દેવી-દેવતાઓની ખંડિત મૂર્તિઓ સ્પષ્ટ જોઈ શકાય છે.




# તંત્રી લેખ......

## રખડતા કૂતરાઓના ભય પર કડકતા

સુપ્રીમ કોર્ટે શૈક્ષણિક સંસ્થાઓ, બસ અને રેલ્વે સ્ટેશનો, રમતગમત સંકુલ, હોસ્પિટલો અને અન્ય જાહેર સ્થળોએથી રખડતા કૂતરાઓને દૂર કરવા અને નસબંધી કરવા ફરજિયાત બનાવતા પોતાના આદેશને પાછો ખેંચવાનો ઈનકાર કર્યો તે સારું છે. આ આદેશમાં સુધારાની માંગ કરતી અરજીઓને ફગાવી દેતા, સુપ્રીમ કોર્ટે યોગ્ય રીતે ઠરાવ્યું કે લોકોને કૂતરા કરડવાના જોખમ વિના મુક્તપણે ફરવાનો અધિકાર છે.

નિઃશંકપણે, પ્રાણી પ્રેમીઓ, અને ખાસ કરીને કૂતરા પ્રેમીઓને, સુપ્રીમ કોર્ટની આ કડકાઈ ગમશે નહીં, પરંતુ આવા લોકો એ હકીકતને કેવી રીતે અવગણી શકે છે કે રખડતા કૂતરાઓ આતંકનો પર્યાય બની ગયા છે? દરરોજ, રખડતા કૂતરાઓ બાળક, મહિલા અથવા વૃદ્ધોનો પીછો કરે છે અને કરડે છે તેવા અહેવાલો આવે છે. કેટલાકમાં રખડતા કૂતરાઓ શિશુને ફાડી નાખે છે અને ખાઈ જાય છે, અથવા ટુ-વ્હીલર સવારનો પીછો કરે છે, જેના પરિણામે અકસ્માત થાય છે જે તેમને ગંભીર રીતે ઘાયલ કરે છે અથવા મૃત્યુ પામે છે તેવા ભયાનક અહેવાલો પણ આવે છે.

એ પણ એક હકીકત છે કે ઘણા લોકો હડકાયેલા કૂતરાઓના કરડવાથી પોતાના જીવ ગુમાવી રહ્યા છે. એ સ્પષ્ટ છે કે જે લોકો આવી ઘટનાઓ પ્રત્યે આંખ આડા કાન કરે છે અને રખડતા કૂતરાઓને મુક્તપણે ફરવા દેવા માંગે છે તેઓ માનવ જીવનનું મહત્વ સમજવાનો ઈનકાર કરી રહ્યા છે. તેઓ રખડતા કૂતરાઓને મુક્તપણે ફરવા દેવાની તરફેણ કરે છે, પરંતુ તેમની સંભાળ રાખવા તૈયાર નથી. છેવટે, આ બેવડા ધોરણો નહીં તો શું છે?

રખડતા કૂતરાઓની સમસ્યા ફક્ત શહેરો સુધી મર્યાદિત નથી. તેમની ઝડપથી વધતી વસ્તી શહેરો અને ગામડાઓના રહેવાસીઓને ભયભીત કરી રહી છે. સુપ્રીમ કોર્ટે ગંભીર રીતે બીમાર અને હડકાયેલા રખડતા કૂતરાઓને મારી નાખવાનું વિચારવાનું પણ સૂચન કર્યું હતું. આ ટિપ્પણી કઠોર લાગે છે, પરંતુ માનવ સમાજ માટે ખતરો ઉભો કરતા કૂતરાઓની સમસ્યાનો ઉકેલ શું છે? રખડતા કૂતરાઓ પ્રત્યે માનવીય અભિગમનો અર્થ એ નથી કે તેમની સાથે માણસો કરતાં વધુ વર્તન કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે પુનરોચ્ચાર કર્યો કે તેના આદેશોનું ઉલ્લંઘન કરનારા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે, પરંતુ એ નોંધવું જોઈએ કે આપણી મ્યુનિસિપલ સંસ્થાઓ રખડતા કૂતરાઓને નિયંત્રિત કરવામાં અત્યંત બેદરકાર અને સાધનહીન છે. આ જ કારણ છે કે જાહેર સ્થળોએ તેમની સંખ્યા વધી રહી છે અને કૂતરા કરડવાના બનાવો ઝડપથી વધી રહ્યા છે. રાજ્ય સરકારો માટે રખડતા કૂતરાઓના ભયનો સામનો કરવા માટે તેમના સ્થાનિક સંસ્થાઓને સંસાધનોથી સજ્જ કરવું યોગ્ય રહેશે. તેઓએ રખડતા કૂતરાઓ તેમજ અન્ય રખડતા પ્રાણીઓને નિયંત્રિત કરવામાં પણ સક્રિય રહેવું જોઈએ, કારણ કે તે પણ એક સમસ્યા બની ગયા છે.

## સાબરમતી-જોધપુર-સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસનું જેસલમેર સુધી વિસ્તરણ

રેલવે પ્રશાસન દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધા માટે ટ્રેન નંબર ૨૦૪૮૬/૨૦૪૮૫ સાબરમતી-જોધપુર-સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસનું જેસલમેર સુધી વિસ્તરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન જોધપુરથી આગળ ઓસિયા, ફલોદી અને રામદેવરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનની વિગતો નીચે પ્રમાણે છે :

ટ્રેન નંબર ૨૦૪૮૬/૨૦૪૮૫ સાબરમતી-જેસલમેર-સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસ

ટ્રેન નંબર ૨૦૪૮૬ સાબરમતી-જેસલમેર સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૩ મે ૨૦૨૬ થી દરરોજ સાબરમતીથી સવારે ૦૭.૦૦ કલાકે પ્રસ્થાન કરીને કોઈપણ ફેરફાર વગર જોધપુર પહોંચશે. આ પછી આ ટ્રેન ઓસિયા સ્ટેશન પર ૧૫.૫૯ કલાકે આગમન અને ૧૬.૦૨ કલાકે પ્રસ્થાન, ફલોદી જંકશન પર ૧૭.૨૮ કલાકે આગમન અને ૧૭.૩૩ કલાકે પ્રસ્થાન તથા રામદેવરા સ્ટેશન પર ૧૮.૨૫ કલાકે આગમન અને ૧૮.૨૮ કલાકે પ્રસ્થાન કરશે તથા ૨૦.૩૦ કલાકે જેસલમેર પહોચશે.

આ જ રીતે, ટ્રેન નંબર ૨૦૪૮૫ જેસલમેર-સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૩ મે ૨૦૨૬ થી જેસલમેરથી દરરોજ સવારે ૦૬.૩૦ કલાકે પ્રસ્થાન કરશે તથા રામદેવરા સ્ટેશન પર ૦૭.૫૦ કલાકે આગમન અને ૦૭.૫૩ કલાકે પ્રસ્થાન, ફલોદી જંકશન પર ૦૯.૧૦ કલાકે આગમન અને ૦૯.૧૫ કલાકે પ્રસ્થાન તથા ઓસિયાં સ્ટેશન પર ૧૦.૦૨ કલાકે આગમન અને ૧૦.૦૫ કલાકે પ્રસ્થાન કરશે. આ ટ્રેનનો સાબરમતી અને જોધપુર વચ્ચે આગમન-પ્રસ્થાનનો સમય યથાવત રહેશે.

ટ્રેનોના રોકાણ, સમય અને સંરચનાની વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# મધ્યસ્થતા (મેડિએશન) અને આર્બિટ્રેશનમાં ક્ષમતા નિર્માણ દ્વારા વૈકલ્પિક વિવાદ નિવારણને મજબૂત કરવા પર BRICSના વરિષ્ઠ અધિકારીઓની બેઠક

**PIB Ahmedabad**

ભારતના BRICS 2026 અધ્યક્ષપદ હેઠળ, ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયના કાનૂની બાબતોના વિભાગે વૈકલ્પિક વિવાદ નિવારણ (ADR) પર સહયોગને વધુ ગાઢ બનાવવા માટે ૧૯ થી ૨૦ મે ૨૦૨૬ ના રોજ ગુજરાતના ગાંધીનગરમાં વરિષ્ઠ અધિકારીઓની બેઠકનું સમાપન કર્યું. આ બેઠક હાઈબ્રિડ મોડમાં યોજાઈ હતી, જેમાં બ્રાઝિલ, ચીન, ભારત, ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, ઈન્ડોનેશિયા, રશિયા, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાતના વરિષ્ઠ અધિકારીઓએ રૂબરૂ અને ઓનલાઈન બંને રીતે ભાગ લીધો હતો. આ બેઠક "મધ્યસ્થતા અને આર્બિટ્રેશનમાં ક્ષમતા નિર્માણ દ્વારા વૈકલ્પિક વિવાદ નિવારણને મજબૂત કરવા અંગે BRICS દેશોના ન્યાય મંત્રીઓનું જાહેરનામું" શીર્ષક ધરાવતા સંયુક્ત જાહેરનામા પર સહિયારી સર્વસંમતિ સાથે સમાપ્ત થઈ હતી, જેને ૨૧ થી ૨૨ મે ૨૦૨૬ દરમિયાન ગાંધીનગરમાં યોજાનારી બ્રિક્સના ન્યાય મંત્રીઓની બેઠકમાં ઔપચારિક સ્વીકૃતિ માટે રજૂ કરવામાં આવશે. આ બેઠકમાં છઠ્ઠઈ સંબંધિત મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવા માટે BRICS દેશોના વરિષ્ઠ ન્યાય અધિકારીઓને એકસાથે લાવવામાં આવ્યા હતા. પ્રતિનિધિઓએ સંસ્થાકીય મધ્યસ્થતા, આર્બિટ્રેશનના સુધારાઓ અને વ્યાપારી તેમજ જાહેર ક્ષેત્રના વિવાદોમાં ADR ની ભૂમિકા પર ચર્ચા કરી હતી, જેમાં તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં અનુભવો, પડકારો અને ઉભરતા પ્રવાહો પર પ્રકાશ પાડ્યો હતો. વ્યાપક અને રચનાત્મક સંવાદ પછી, વરિષ્ઠ અધિકારીઓએ જાહેરનામાના લખાણને આખરી ઓપ આપ્યો હતો, જે મધ્યસ્થતા અને આર્બિટ્રેશનને સુલભ અને અસરકારક સાધનો તરીકે વિસ્તારવા, વ્યાવસાયિક બનાવવા અને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે BRICS દેશોની સામૂહિક પ્રતિબદ્ધતાને દર્શાવે છે. પરિણામ BRICS સભ્યોના સ્થિતિસ્થાપક, નવીન અને સહકારી કાનૂની ઈકોસિસ્ટમ બનાવવાના સહિયારા દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે.



# જેતલસર જંક્શન રેલવે સ્ટેશનનું ઝડપભેર થઈ રહ્યું છે કાયાકલ્પ, મુસાફરોને ટૂંક સમયમાં મળશે વિશ્વસ્તરીય આધુનિક સુવિધાઓ




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ આવેલ જેતલસર જંક્શન રેલવે સ્ટેશન પર યાત્રિયોની સુવિધા, સુરક્ષા અને આધુનિક અવસંરચના વિકાસના હેતુસર વ્યાપક સ્તરે પુનર્વિકાસ કાર્યો ઝડપી ગતિએ આગળ વધી રહ્યા છે. આ કાર્યો પૂર્ણ થયા બાદ જેતલસર જંક્શન એક આધુનિક, સુગમ, સુરક્ષિત અને મુસાફરમૈત્રી રેલવે સ્ટેશન તરીકે નવી ઓળખ સ્થાપિત કરશે. તા. ૧૯ મે ૨૦૨૬ (મંગળવાર)ના રોજ જેતલસરના પ્રતિનિધિઓ સાથે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા અને સંબંધિત શાખા અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જેતલસર સ્ટેશન સંબંધિત વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે જણાવાયું હતું કે જેતલસર જંક્શનને પ્રતિષ્ઠિત અમૃત ભારત સ્ટેશન સ્કીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે. આ કાર્યોને પ્રાથમિકતા આધારે ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

બેઠકમાં વધુમાં માહિતી આપવામાં આવી કે જેતલસર સ્ટેશન માટે મોબાઈલ એઆરટી (Accident Relief Train)ને મંજૂરી મળી ગઈ છે અને અહીં નવું ટીઆરડી (Traction Distribution) ડેપો સ્થાપિત કરવામાં આવી રહ્યું છે, જેના કારણે રેલ સંચાલન અને જાળવણી વ્યવસ્થા વધુ મજબૂત બનશે.

પૂર્વે લોબી સ્થળાંતર અંગે ફેલાયેલી ગેરસમજો દૂર કરતાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે રેલવે લોબી જેતલસર સ્ટેશન પર યથાવત્ ચાલુ રહેશે. ભવિષ્યમાં અહીં કર્મચારીઓની સંખ્યામાં વધારો કરીને તેને વધુ કાર્યક્ષમ બનાવવામાં આવશે. સ્ટેશન પુનર્વિકાસ યોજના અંતર્ગત સ્ટેશન પરિસરની સુંદરતા વધારવા, વિસ્તૃત પાર્કિંગ વિસ્તાર, આધુનિક આગમન અને પ્રસ્થાન પ્લાઝા, અદ્યતન પ્રકાશ વ્યવસ્થા, પ્લેટફોર્મ પર વિશાળ શેડ, સ્વચ્છ અને દિવ્યાંગજનમૈત્રી શૌચાલય, પીવાના પાણીના બુથ અને વોટર કૂલર જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. સ્ટેશન બિલ્ડિંગ નજીક મુસાફરો અને રેલવે કર્મચારીઓ માટે પૂરતી પાર્કિંગ વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

યાત્રિયોની સુરક્ષિત અને સરળ અવરજવર માટે પ્લેટફોર્મ નં. ૨/૩ અને ૪/૫ને જોડતો નવો ફૂટ ઓવર બ્રિજ (FOB) માર્ચ ૨૦૨૬માં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. આ માળખું પ્લેટફોર્મ વચ્ચેની અવરજવરને વધુ સુરક્ષિત અને સુવિધાજનક બનાવી રહ્યું છે.

સ્ટેશન પર લિફ્ટ સુવિધાનું કામ અંતિમ તબક્કામાં છે. વિદ્યુત વિભાગ દ્વારા જરૂરી નિરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે અને પરીક્ષણ તથા પ્રમાણન પ્રક્રિયા પૂર્ણ થતાં જ તેને યાત્રિયો માટે સમર્પિત કરવામાં આવશે. આથી વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને દિવ્યાંગજન યાત્રિયોને વિશેષ લાભ મળશે. યાત્રિયોને ટ્રેનોની માહિતી ઝડપી રીતે ઉપલબ્ધ કરાવવા માટે ઈલેક્ટ્રોનિક કોચ ઈન્ડિકેશન બોર્ડની સ્થાપનાનું કામ જૂન ૨૦૨૬ સુધી પૂર્ણ કરવામાં આવશે. પ્લેટફોર્મ નં. ૩ અને ૪/૫ના વિસ્તરણનું કામ માર્ચ ૨૦૨૭ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. સ્ટેશન પર આધુનિક CCTV કેમેરાની સ્થાપનાનું કામ પણ અંતિમ તબક્કામાં છે, જેના કારણે સુરક્ષા વ્યવસ્થા વધુ સશક્ત બનશે.

જળ પુરવઠા વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે નવો ઓવરહેડ વોટર ટેક મે ૨૦૨૬માં પૂર્ણ કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત, ૧૫૦ લિટર ક્ષમતા ધરાવતા આધુનિક વોટર કૂલરની સુવિધા પહેલેથી જ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વધારાની મુસાફર સુવિધાઓ અને જાળવણી કાર્યો માટે નવા મકાનો અને સ્ટોર્સના નિર્માણની પ્રક્રિયા પણ પ્રગતિ પર છે. દ્ષ્ટિબાધિત યાત્રિયોની સુવિધા માટે ટેક્ટાઈલ ગાઈડ પાથનું કામ માર્ચ ૨૦૨૬માં પૂર્ણ કરવામાં આવ્યું છે, જેના કારણે તેમને સ્ટેશન પરિસરમાં સુરક્ષિત અને સ્વતંત્ર રીતે માર્ગદર્શન મળી શકે છે. જેતલસર જંક્શન પર ચાલી રહેલા આ તમામ વિકાસ કાર્યો ભારતીય રેલની યાત્રી સુવિધા, સંરક્ષા, સુરક્ષા, સમાનતા અને આધુનિકતા પ્રત્યેની દ્રઢ પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ યોજનાઓ પૂર્ણ થયા બાદ મુસાફરોને મહાનગરોના આધુનિક રેલવે સ્ટેશનો સમકક્ષ સુવિધાઓ ઉપલબ્ધ થશે, જેના કારણે તેમની મુસાફરી વધુ આરામદાયક, સુરક્ષિત અને સુખદ બનશે.

### માત્ર ૩ દિવસમાં તબિયત લથડી

# જામનગરમાં જીવલેણ બન્યો તાવ, ૪ હોસ્પિટલ ફેરવી છતા યુવતીનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરમાં આભ તૂટી પડવા જેવી એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. શહેરના રણજીતસાગર રોડ પર રહેતી માત્ર ૨૧ વર્ષની યુવતી મહેકબેન કનખરાનું ત્રણ દિવસના ટૂંકા ગાળાના તાવની બીમારી બાદ મોત નીપજ્યું છે. ગંભીર સ્થિતિમાં યુવતીને બચાવવા પરિવારે એક જ દિવસમાં અલગ-અલગ ૪ હોસ્પિટલોના ચક્કર કાપવા પડ્યા હતા, પરંતુ કમનસીબે તેને બચાવી શકાઈ નથી.

રિક્ષા ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા પિતા દીપકભાઈ મનસુખભાઈ કનખરાએ પોલીસને સમગ્ર ઘટનાની વિગતો આપતા જણાવ્યું કે, ૨૧ વર્ષની મહેકબેનને છેલ્લા ત્રણેક દિવસથી સખત તાવ અને ઠંડી લાગવાની તકલીફ હતી. તા. ૧૮ મે ૨૦૨૬ ના રોજ તેની સ્થિતિ વધુ બગડતા પરિવારે તેને બચાવવા ભારે દોડધામ કરી હતી. યુવતીને પહેલા સ્થાનિક ડૉ. એમ.એસ. શાહના દવાખાને લઈ જવામાં આવી હતી.

ત્યાંથી તબિયત વધુ લથડતાં તાત્કાલિક સમર્પણ હોસ્પિટલ ખસેડાઈ, પરંતુ ત્યાં યોગ્ય સારવાર ઉપલબ્ધ થઈ શકી નહોતી. પરિવાર વધુ ગભરાયો અને જોલી બંગલા સામે આવેલા ડૉ. વોરાના ક્લિનિક પર યુવતીને લઈ દોડ્યો હતો. સ્થિતિ કાબૂ બહાર જતાં આખરે યુવતીને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ઈમરજન્સીમાં દાખલ કરવામાં આવી. પરંતુ, સારવાર કારગત નીવડે તે પહેલાં જ મહેકબેનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.માત્ર ૨૧ વર્ષની યુવા દીકરીના અકાળે અવસાનથી કનખરા પરિવારમાં ભારે આક્રંદ અને શોકનું મોજું ફરી વળ્યું છે.

આ સમગ્ર બનાવ અંગે જામનગરના સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોત અંગે ગુનો નોંધી ડાયરી એન્ટ્રી કરવામાં આવી છે. અને વધારે તપાસ હાથ ધરવામાં આવી છે. વાતાવરણમાં થતા બદલાવ અને અચાનક આવતા આવા ગંભીર તાવને હળવાશથી ન લેવા અને સમયસર યોગ્ય નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવા માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.

# વેજલપુર કતલખાના કેસમાં મોટો વળાંકઃ જેલમાં પત્નીએ આપેલી દવા ગળ્યા બાદ ઝહીર ડબ્બાનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં સોનલ સિનેમા પાસે ખુલ્લા મેદાનમાં ઝડપાયેલા ગેરકાયદેસર ગૌવંશ કતલખાનાના મામલામાં એક ચોંકાવનારો વળાંક આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસના ઝડપાયેલા વોન્ટેડ આરોપી ઝહીરઉદ્દીન ઉર્ફે 'ઝહીર ડબ્બો'નું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પોલીસ સ્ટેશનમાં પત્નીએ આપેલી દવા ગળ્યા બાદ આરોપીની તબિયત અચાનક લથડી હતી, જેને પગલે રહસ્ય વધુ ઘેરાયું છે અને વેજલપુર પોલીસે આ મામલે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.અત્રે નોંધનીય છે કે, વેજલપુર પોલીસે સોનલ સિનેમા નજીક દરોડો પાડીને ગેરકાયદેસર કતલખાનું ઝડપી પાડ્યું હતું. ઘટનાસ્થળેથી પોલીસે ૫૨૦ કિલો પશુમાંસ, ૧ જીવતો વાછરડો, કતલ કરવાના સાધનો, રિક્ષા, કાર અને મોબાઈલ સહિત કુલ ૪.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી મુસ્તાક મલારીવાલા, રઈશ શેખ અને મુનાફ ઉર્ફે કાલુ નામના ૩ આરોપીઓને ઝડપી લીધા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર મોહંમદ સાજીદ ઉર્ફે મુર્ગી અને ઝહીર ડબ્બો સહિત અન્ય ૬ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે વોન્ટેડ આરોપી ઝહીરઉદ્દીન ઉર્ફે ઝહીર ડબ્બોને પકડી પાડ્યો હતો. તબિયત ખરાબ હોવાના કારણે અગાઉ તેને સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે, પોલીસ સ્ટેશનમાં તેની પત્નીએ આવીને તેને કેટલીક દવાઓ આપી હતી. આ દવાઓ ગળ્યા બાદ ઝહીરની તબિયત અત્યંત નાજુક બની ગઈ હતી. તેને તાત્કાલિક અમદાવાદની SVP હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે. પત્નીએ આપેલી દવામાં કોઈ ઝેરી પદાર્થ હતો કે કેમ, તે દિશામાં હવે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૨૦/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૭૫૩ | ૪૬૦.૦૦ | ૫૩૫.૦૦ |
| ૨ | મગફળી | ૧૭૮ | ૧,૨૫૧.૦૦ | ૧,૯૭૫.૦૦ |
| ૩ | એરંડા | ૭૫ | ૧,૨૫૦.૦૦ | ૧,૩૦૫.૦૦ |
| ૪ | બાજરી | ૧૦૭ | ૩૭૬.૦૦ | ૪૯૧.૦૦ |
| ૫ | મકાઇ | ૧૭૦ | ૪૦૦.૦૦ | ૪૨૬.૦૦ |
| ૬ | ચણા | ૧૩૦ | ૯૧૦.૦૦ | ૧,૧૪૧.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૪૮ | ૧,૩૪૫.૦૦ | ૧,૬૦૦.૦૦ |
| ૮ | ગવાર | ૨૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૨૭.૦૦ |
| ૯ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૫૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧૨ | ૧,૨૦૦.૦૦ | ૧,૩૬૭.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# શકિતસિંહ ગોહિલના મોદી સરકાર પર પ્રહારો : ઓએનજીસી અને જીએસપીસી માં ગેરવહિવટ અને ભ્રષ્ટાચાર તેમજ ઓઈલ ઉત્પાદનમાં ઘટાડા અંગે વડાપ્રધાનનો જવાબ માંગ્યો

**૨૦૧૪ થી ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસ ઉત્પાદનમાં વાર્ષિક ૩.૬૯૫ મીલીયન મેટ્રીક ટનનુ નુકશાનઃ સૌરાષ્ટ્ર વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટરો અને ખેડુતોને પેટ્રોલપંપ પર ડીઝલ મળતુ નથી**



પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસે નરેન્દ્ર મોદી સરકાર પર સરકારી ઉર્જા કંપનીઓ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) અને ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનના (જીએસપીસી) ભ્રષ્ટાચાર અને ગેરવહિવટનો આરોપ મુકતા જણાવ્યુ હતુ કે તેના કારણે સ્થાનિક પેટ્રોલીયમ અને ગેસ ઉત્પાદન ઓછુ થાય છે અને મોંઘા ઓઈલની આયાત પર દેશની નિર્ભરતા વધી છે. કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓ અને શાસન પધ્ધતિ સામે આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે ખોટી નીતીઓ અને ગેરવહિવટના કારણે દેશ ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની જગ્યાએ વધુ આયાત પર નિર્ભર બન્યો છે. શકિતસિંહ ગોહિલે ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં પોતાના પ્રવાસનો ઉલ્લેખ કરતા જણાવ્યુ હતુ કે ટ્રાન્સપોર્ટરો અને ખેડુતોને પેટ્રોલપંપ પર પુરતુ ડીઝલ મળી રહ્યુ નથી, તેમણે આરોપ લગાવ્યો હતો કે ઓઈલ કંપનીઓ દ્વારા પંપ માલીકો પર ડીઝલનુ વેચાણ ઘટાડવા અને જબરદસ્તી એન્જીન ઓઈલ વેચવા પર દબાણ કરવામાં આવી રહ્યુ છે. વડાપ્રધાનની કથની અને કરણી પર ટીપ્પણી કરતા તેમણે કહ્યુ હતુ કે પીએમ મોદી પોતાની જાહેરસભાઓમાં સરકારી બસોનો દુરુપયોગ કરે છે અને સોમનાથ મંદિર ઉપર એર શો કરાવીને બેફામ ઈંધણ બાળે છે. પરંતુ સામાન્ય લોકોને કાર પુલીંગનો ઉપદેશ આપે છે. ગોહિલે પંડીત જવાહરલાલ નહેરૂ અને રાજીવ ગાંધીના સમયમાં ઓએનજીસીની સ્થાપના અને તેને આત્મનિર્ભર બનાવવાની સફરને યાદ કરતા હાલની સરકાર પર આ સંસ્થાના વિનાશનો આરોપ લગાવ્યો હતો. તેમણે ટેકનીકલ આંકડા રજુ કરતા જણાવ્યુ હતુ કે દેશનુ ૫૯ ટકા ઓઈલ ઉત્પાદન કરતા મુંબઈ હાઈ, નીલમ અને હીરા જેવા મુખ્ય ઓઈલ ફીલ્ડ માં વોટર ઈન્જેકશન પ્રક્રિયાને ૨૦ થી ૭૦ ટકા સુધી ઘટાડી દેવામાં આવે છે. તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે ઓઈલના કુવાઓની સ્થિતિ જાળવી રાખતી આ મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયામાં કાપ મુકવાના કારણે દેશને ૨૦૧૪ થી પેટ્રોલ, ડીઝલ અને ગેસ ઉત્પાદનમાં વાર્ષિક ૩.૬૯૫ મીલીયન મેટ્રીક ટનનુ નુકશાન થયુ છે. આ ઉપરાંત ગોહિલે પાઈપ લાઈનની સફાઈ માટે થતી પીંગીગ પ્રક્રિયા અને પાણીના કેમીકલ ટ્રીટમેન્ટમાં ભારે બેદરકારીનો આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે મેન્ટેનન્સના અભાવમાં ઓઈલ ફીલ્ડમાં બેકટેરીયા પેદા થઈ રહ્યા છે. જે એક પ્રકારનો અદશ્ય ભ્રષ્ટાચાર છે. ગોહિલે પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના વર્ષ ૨૦૦૫ ના તે બહુ ચર્ચિત દાવાનો પણ પર્દાફાશ કર્યો હતો. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે કેજી બેસીનમાં ૨૦ ટીસીએફ (ટ્રીલીયન કયુબિક ફીટ) ગેસ મળ્યાની જાહેરાત કરી હતી. ગોહિલે ડીજી હાઈડ્રોકાર્બન પાસેથી મળેલા આરટીઆઈના જવાબનો ઉલ્લેખ કરતા જણાવ્યુ હતુ કે ત્યાં વ્યવસાયીક રીતે પુનઃ પ્રાપ્ત કરી શકાય એવુ એક ટીપુ ગેસ પણ મળ્યુ નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ ખોટા દાવાની આડમાં સરપ્લસ ફંડ ધરાવતી ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન પર રૂપીયા ૧૯ હજાર કરોડનુ ભારે દેવુ લાદવામાં આવ્યુ હતું. ગોહિલના જણાવ્યા મુજબ જીએસપીસીના નાણાં યમન, ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલીયા જેવા દેશોમાં ઓઈલ બ્લોક ખરીદવાના નામે વેડફવામાં આવ્યા અને પછી આ મૃતપ્રાય કંપનીનો બોઝ ઓએનજીસીના માથે મુકવામાં આવ્યો, તેમણે દેશમાં સતત વધી રહેલા પેટ્રોલ ડીઝલના ભાવ અને એશિયામાં રૂપીયાની સૌથી નબળી સ્થિતિ માટે કેન્દ્રની અસ્થિર વિદેશ નીતિ અને આર્થિક ગેરવહિવટને જવાબદાર ઠેરવ્યો હતો. તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે જો ઘરેલુ ઉત્પાદનને યોગ્ય રીતે સાચવવામાં આવ્યુ હોત તો આજે મોંઘી આયાત પર દેશની નિર્ભરતા આટલી વધારે ન હોત.પત્રકારોના સવાલોના જવાબ આપતા ગોહિલે આસામ પોલીસ દ્વારા કોંગ્રેસ નેતાઓને સમન્સ મોકલવાની ઘટનાને સરકારની તાનાશાહી ગણાવી હતી. તેમણે આ કાર્યવાહીની સરખામણી અંગ્રેજોના શાસન અને કંસના રાજ સાથે કરતા કહ્યુ હતુ કે સત્ય બોલનારા લોકોને જેલમાં નાખવાથી સત્તા સુરક્ષિત રહેતી નથી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૩૯ લપસ્યોઃ સોનાના વાયદામાં રૂ.૨૨૬ અને ચાંદીના વાયદામાં રૂ.૩૪૦૧ની વૃદ્ધિ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૯૦૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૦૭૮૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૫૮૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૬૬૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૭૬૯૦.૯૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૯૦૨.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૬૦૭૮૮.૧૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૮૬૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૪૭.૩૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૫૮૮.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૯૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૩૭૮ અને નીચામાં રૂ.૧૫૭૯૫૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૯૦૮૦ના આગલા બંધ સામે રૂ.૨૨૬ વધી રૂ.૧૫૯૩૦૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૧૯ વધી રૂ.૧૨૭૪૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૧૫૯૫૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૭ વધી રૂ.૧૫૮૭૩૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૪૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૩૨૭ અને નીચામાં રૂ.૧૫૭૨૨૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૮૫૯૬ના આગલા બંધ સામે રૂ.૨૪૪ વધી રૂ.૧૫૮૮૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૨૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૪૧૯૦ અને નીચામાં રૂ.૨૬૬૮૫૦ના મથાળે અથડાઈ, રૂ.૨૭૦૧૧૯ના આગલા બંધ સામે રૂ.૩૪૦૧ વધી રૂ.૨૭૩૫૨૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૩૪૯૬ વધી રૂ.૨૭૬૮૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૫૧૦ વધી રૂ.૨૭૬૮૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૩૪૬૬.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૬.૪૫ વધી રૂ.૧૩૪૪ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૨.૬ વધી રૂ.૩૬૮.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો ૯૫ પૈસા વધી રૂ.૩૮૫.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૨૦૨ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૪૭૦૮.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૫૪ અને નીચામાં રૂ.૪૬૨૬ના મથાળે અથડાઈ, રૂ.૨૦ વધી રૂ.૪૬૫૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૧૦૦૮૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૧૦૪ અને નીચામાં રૂ.૯૭૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦૨૭ના આગલા બંધ સામે રૂ.૧૩૯ ઘટી રૂ.૯૮૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૧૪૩ ઘટી રૂ.૯૮૮૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૬ વધી રૂ.૩૦૧ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૧.૫ વધી રૂ.૩૦૦.૯ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૯ના ભાવે ખૂલી, ૪૦ પૈસા ઘટી રૂ.૯૯૦.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૨ના ભાવે ખૂલી, રૂ.૩૭ વધી રૂ.૨૭૬૪ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૯૬૫૮.૪૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૮૯૨૯.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૨૫૬૬.૫૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૭.૬૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૯.૮૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૪૬૮.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૭.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૦૩૩.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૬૭.૬૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૦.૭૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૧૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૯૧૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૭૪૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૪૦૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૦૬૧૮૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૪૬૬૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૮૩૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૩૮૯૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૮૧૬૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૯૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૭૭૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૪૫૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૮૬૬૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૬૬૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૮૬૬૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૪ પોઈન્ટ વધી ૩૮૬૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૩.૭ ઘટી રૂ.૭૪૫.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા વધી રૂ.૬.૧ના ભાવે બોલાયો હતો.


સોનું મે રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪.૫ વધી રૂ.૧૨૩ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૦ વધી રૂ.૮૨૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૨ પૈસા વધી રૂ.૮.૫૪ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭ પૈસા ઘટી રૂ.૦.૧૩ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૨.૩ ઘટી રૂ.૭૫૩.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૦ પૈસા વધી રૂ.૬.૨ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩.૫ ઘટી રૂ.૧૬૯૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪ વધી રૂ.૧૦૬૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૬ વધી રૂ.૮૪૩.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ ઘટી રૂ.૫.૩ થયો હતો.

સોનું મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪.૫ ઘટી રૂ.૨૨૮.૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૧૦.૫ ઘટી રૂ.૧૦૦૧ થયો હતો. તાંબું મે રૂ.૧૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૧૭ ઘટી રૂ.૮.૮૭ થયો હતો. જસત મે રૂ.૩૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૧.૪ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૯૫ વધી રૂ.૨૮.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૫.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨ ઘટી રૂ.૩૨૦ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૭૬ ઘટી રૂ.૩૭૭૧ના ભાવે બોલાયો હતો.




# અમદાવાદના ૩૫૦૦ સહિત રાજયના ૩૫ હજારથી વધુ મેડીકલ સ્ટોર્સ સજ્જડ બંધ પળાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ઓલ ઈન્ડીયા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસીએશન દ્વારા આપવામાં આવેલા દેશવ્યાપી બંધના એલાન અંતર્ગત આજે બુધવારે દેશભરના ૧૨ લાખ થી વધુ મેડીકલ સ્ટોર્સ બંધમાં જોડાયા હતા.

એસોસીએશન દ્વારા ગેરકાયદેસર ઈ-ફાર્મસી બંધ કરાવવા અને ઓનલાઈન દવાઓના વેચાણ પર કડક નિયંત્રણ લાદવાની માંગ સાથે બંધનુ એલાન આપવામાં આવ્યુ હતું. જેમાં અમદાવાદના ૩૫૦૦ સહિત રાજયના અંદાજે ૩૫ હજાર થી વધુ દવાના વેપારીઓ બંધમાં જોડાયા હતા. ધ ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસીએશનના અગ્રણી જશુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે કોઈપણ વ્યકિત શોખ થી દવા લેતો નથી, માટે યોગ્ય રીતે અને યોગ્ય દવા નાગરીકોને મળી રહે તે જરૂરી છે. પરંતુ હાલ ઓનલાઈન પ્લેટફોર્મ પર પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ સરળતાથી વેચાઈ રહી છે. એટલુ જ નહી કોડીન સિરપ, આલ્પ્રાઝોલમ, ટ્રામાડોલ, નાઈટ્રાઝેપમ, ડાયાઝેપામ જેવી નશાકારક તથા પ્રતિબંધિત દવાઓ પણ ઓનલાઈન સરળતાથી ઉપલબ્ધ બની રહી છે. આ દુષણને કારણે દેશના યુવાનોને સરળતાથી નશાકારક દવાઓ મળતી હોવાથી તેઓ નશાખોરી તરફ વળી રહ્યા છે. જે દેશના ભવિષ્ય માટે નુકશાનકારક છે. એટલુ જ નહી કેટલીક કંપનીઓ દ્વારા ઓનલાઈન વેચાણમાં ડુપ્લીકેટ દવાઓનુ પ્રમાણ વધી રહ્યુ છે. જેના કારણે લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા થઈ રહ્યા છે. આ મુદ્દે કેન્દ્ર સરકાર સમક્ષ અનેકવાર લેખિત રજુઆત કરવામાં આવી હોવા છતાં કોઈ અસરકારક પગલા લેવાયા નથી. સરકાર તરફથી સકારાત્મક પ્રતિસાદ ન મળતા આખરે દવાના વેપારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

કેમિસ્ટ એસોસીએશને માંગ કરી છે કે ગેરકાયદેસર ઈ-ફાર્મસી પર તાત્કાલીક પ્રતિબંધ મુકવામાં આવે અને નશાકારક તથા નકલી દવાઓના વેચાણ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે, સાથે જ કોરોના સમયગાળા દરમિયાન અપાયેલા નોટીફીકેશન પણ પરત ખેંચવાની માંગ કરવામાં આવી છે. ઈ-ફાર્મસીના વિરોધમાં દેશભરના મેડીકલ સ્ટોર્સ બંધ રાખવામાં આવ્યા હતા.

# અમને ઓછા મત આપ્યા હવે પાણી નહી મળે : વલસાડના ગાઢવી ગામના ભાજપના કાર્યકરની દાદાગીરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં એક તરફ વહિવટી તંત્ર ધોમધખતા ઉનાળામાં જળ સંચયની મોટી મોટી વાતો કરી રહ્યુ છે. તો બીજી તરફ વલસાડ જિલ્લાના છેવાડાના કપરાડા તાલુકાના ગાઢવી ગામે લોકશાહીને શરમાવે તેવી ઘટના બહાર આવી છે. તાજેતરની ચુંટણીઓમાં અપેક્ષા મુજબ મત ન મળતા એક સ્થાનિક ભાજપ કાર્યકરે આખા ફળીયાના લોકોને પાણી માટે તરસતા કરી દીધા છે. ગાઢવી ગામના તાંબડમાળ ફળીયામાં વરસો પહેલા સરકારી ખર્ચે એક હેન્ડપંપ (બોર) બનાવવામાં આવ્યો હતો. આ હેન્ડપંપ ગામના ભાજપ કાર્યકર અને મધ્યાહન ભોજન યોજનાના સંચાલક અમરેશ તુલજી બુધલ ની ખાનગી જમીનમાં આવેલો છે. સ્થાનિક રહીશોના આક્ષેપ અનુસાર ચુંટણીમાં ભાજપને આ વિસ્તારમાંથી ઓછા મત મળતા, અમરેશે રાજકીય અદાવત રાખીને ૧૭ મે થી આખા ફળીયા માટે પાણીના ધ્વાર બંધ કરી દીધા છે. તેણે ગ્રામજનો સાથે માથાકુટ કરતા કહ્યુ હતુ કે અમને મત ઓછા આપ્યા છે, સરકારી બોર ભલે રહ્યો પણ જમીન મારી છે, અહીંથી કોઈને પાણી નહી મળે, આ હેન્ડપંપ ફળીયાના ૩૫ પરીવારો એટલે કે ૨૦૦ થી વધુ લોકો માટે જીવનદોરી સમાન હતો, જે હવે બંધ કરી દેવાયો છે. પાણી બંધ થતા ફળીયાની મહિલાઓ અને માસુમ દિકરીઓને ભરબપોરે ૪૦ થી ૪૫ ડીગ્રી તાપમાં ૮૦૦ મીટર દુર સુધી ભટકવુ પડે છે. પીવાનુ પાણી લાવવા માટે નાની દિકરીઓએ ભણવાની ઉંમરે



જંગલના પથરાળ, ઉબડ ખાબડ અને કાંટાળા રસ્તાઓ પર માથા પર બે-બે બેડા ઉપાડીને ડુંગરા ખુંદવા પડે છે. આ સમગ્ર કિસ્સાનો વિડીયો સોશીયલ મીડીયા પર જોરદાર વાયરલ થયો છે અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આમ છતાં કપરાડાનુ તાલુકા વહિવટી તંત્ર અને વલસાડ જિલ્લા તંત્ર આ મામલે મૌન સેવીને બેઠુ છે. સ્થાનિક લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું સત્તા અને પક્ષના પ્રતિકના જોરે કોઈ ગરીબ આદિવાસી સમાજને આ રીતે હેરાન કરી શકે ? જો તાત્કાલીક ધોરણે આ હેન્ડપંપ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં નહી આવે અને દાદાગીરી કરનાર સામે કડક કાનુની કાર્યવાહી કરવામાં નહી આવે તો તંત્રની નિષ્ફળતા છતી થશે, હાલ આ તરસ્યા પરીવારો ન્યાયની આશામાં બેઠા છે.

# ગુજરાતના મુસાફરોને મોટો ઝટકો : સ્પાઈસજેટ ૧ જુનથી તમામ ૧૨ ફલાઈટો બંધ કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર



વેકેશનની સીઝનમાં પ્રવાસનુ આયોજન કરી રહેલા ગુજરાતના હવાઈ મુસાફરો માટે એક માઠા સમાચાર બહાર આવ્યા છે. ભારે આર્થિક સંકટ અને કાનુની વિવાદોમાં ઘેરાયેલી બજેટ એરલાઈન સ્પાઈસજેટ આગામી ૧ જુન થી ગુજરાતમાંથી તેનુ ઓપરેશન સમેટી લેવા જઈ રહી છે. કંપનીએ ગુજરાતના ૩ મુખ્ય શહેરોમાંથી ઓપરેટ થતી તમામ ૧૨ ફલાઈટો બંધ કરવાનો મોટો નિર્ણય લીધો છે. સ્પાઈસજેટના આ અચાનક નિર્ણય થી ગુજરાતના ૩ મહત્વના સ્ટેશનોને સીધી અસર થશે. જેમાં અમદાવાદ, કંડલા અને ભાવનગર આ ત્રણેય સ્ટેશનો પરથી ઓપરેટ થતી તમામ ૧૨ ફલાઈટો આગામી ૧ જુન થી કાયમ માટે બંધ થઈ જશે. એરલાઈન્સે માત્ર જાહેરાત જ નથી કરી પરંતુ તેની ઓફીશીયલ બુકીંગ સિસ્ટમ અને વેબસાઈટ પરથી પણ આ રૂટને સંપુર્ણપણે હટાવી દીધા છે. આ આકસ્મિક નિર્ણયના કારણે એવા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. જેમણે આગામી દિવસો માટે એડવાન્સ બુકિંગ કરાવી રાખ્યુ હતું. હવે આ મુસાફરો સામે રીફંડ મેળવવાનો અને છેલ્લી ઘડીએ અન્ય એરલાઈન્સમાં મોંઘી ટીકીટ ખરીદવાનો મોટો પડકાર ઉભો થયો છે. વેકેશનના સમયે ફલાઈટો બંધ થવાને કારણે બિઝનેસ ટુર અને ફેમીલી ટ્રીપનુ પ્લાનીંગ ખોરવાઈ ગયુ છે. છેલ્લી ઘડીએ અન્ય એરલાઈન્સના ભાડા આસમાને હોવાથી ખિસ્સા પર ભારે બોજ પડશે. સ્પાઈસજેટ લાંબા સમયથી ગંભીર નાણાંકીય કટોકટી અને વિવિધ કાનુની વિવાદોનો સામનો કરી રહી છે. વિમાનોના ભાડા ન ચુકવવા, સ્પેરપાર્ટસની અછત અને લેણદારોના દબાણને કારણે કંપનીની આર્થિક સ્થિતિ અત્યંત નબળી પડી ગઈ છે. આ જ કારણ છે કે કંપનીએ ખર્ચ ઘટાડવા અને ગ્રાઉન્ડ થયેલા વિમાનોને કારણે પોતાના ઓપરેશન્સ મર્યાદીત કરવાનો નિર્ણય લીધો છે. જેનો ભોગ હવે ગુજરાતના મુસાફરોએ બનવુ પડયુ છે. જો કે કોઈએ પણ ૧ જુન કે ત્યારપછીની સ્પાઈસજેટ ની ટીકીટ બુક કરાવી હોય તો તુરંતજ એરલાઈન્સ નો સંપર્ક કરી રીફંડ અથવા વૈકલ્પિક વ્યવસ્થા અંગે વિગતો મેળવી લેવી હિતાવહ છે. ગુજરાતના ઉડ્ડયન ક્ષેત્ર માટે આ એક મોટો ફટકો છે અને આનાથી અન્ય એરલાઈન્સના ભાડામાં વધારો થવાની પણ આશંકા સેવાઈ રહી છે.

# કાંકરેજમાં પૈસાની લેતીદેતીમાં યુવકની હત્યા, નદીના પટમાં દાટ્યો મૃતદેહ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી એક ચોંકાવનારો હત્યાકાંડ સામે આવ્યો છે, જેમાં શિહોરી પોલીસે ગણતરીના દિવસોમાં જ ગુમ થયેલા યુવકની હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. માત્ર રૂપિયા ૩૦ હજારની લેતીદેતીમાં એક ૨૮ વર્ષીય યુવકે જીવ ગુમાવવો પડ્યો છે. આરોપીએ યુવકની હત્યા કરી મૃતદેહને નદીના પટમાં દાટી દીધો હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે.

ઘટનાની મળતી માહિતી મુજબ, કાંકરેજના અરણીવાડા ગામનો ૩૮ વર્ષીય યુવક ચંદુ ઉર્ફે રાહુલસિંહ દીવાનજી સોલંકી છેલ્લા ત્રણ દિવસથી રહસ્યમય સંજોગોમાં ગુમ હતો. પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા હતા, તે દરમિયાન આ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. શિહોરી પોલીસે આ મામલે સઘન તપાસ આદરી હતી અને શંકાસ્પદોની પૂછપરછ શરૂ કરી હતી.

પોલીસની કડક પૂછપરછ સામે આરોપી દશરથ ઝેનાજી દરબાર (રહે. રાનેર) ભાંગી પડ્યો હતો અને ગુનાની કબૂલાત કરી હતી. પૂછપરછમાં ઘટસ્ફોટ થયો હતો કે, મૃતક ચંદુ ઉર્ફે રાહુલસિંહ આરોપી પાસે પોતાના લેવાના નીકળતા રૂ. ૩૦ હજાર લેવા માટે ગયો હતો. આ પૈસાની લેતીદેતી બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ આરોપી દશરથે રાહુલસિંહની ઘાતકી હત્યા કરી નાખી હતી.

હત્યા કર્યા બાદ પાપ છુપાવવા માટે આરોપી દશરથે યુવકનો મૃતદેહને નદીના પટમાં ઊંડો ખાડો ખોદીને દાટી દીધી હતી. જોકે, પોલીસ સામે આખો ભેદ ખુલી જતાં, આજે મામલતદારની પ્રત્યક્ષ હાજરીમાં નદીના પટમાંથી દાટેલા મૃતદેહને બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ ઘટનાને પગલે મૃતક યુવકના પરિવાર અને સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ભોગ બનનાર પરિવારે આરોપી દશરથ દરબાર તેમજ આ ગુનામાં સંડોવાયેલા અન્ય તમામ શખ્સો સામે પોલીસ કડકમાં કડક કાર્યવાહી કરે તેવી માગ કરી છે. શિહોરી પોલીસે હાલ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જાહેર નોટીસ

**નિલેશ બી. રબારી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર સાબરમતી, અમદાવાદની કોર્ટ**

નં.સીટી/સાબરમતી/એમએજી/જન્મ-મરણ નોંધણી/ એસ.આર.૬૪/૨૦૨૫

| | |
|---|---|
| અરજદારઃ- | સુનિલસિંગ બાબુસિંગ રાજપુત<br>ઉ.વ.૨૭, ધર્મ; હિન્દુ, ધંધો.વેપાર |
| રહેવાસી | -૧૦૦, શર્માની ચાલી, પાવર હાઉસ કોલોની સામે, સાબરમતી અમદાવાદ-૩૮૦૦૦૫ |
| | વિરૂદ્ધ |
| સામાવાળાઃ | રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, કોઠા ભવન, દાણાપીઠ(સાબરમતી વોર્ડ), અમદાવાદ |

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સુનિલસિંગ બાબુસિંગ રાજપુતના દાદા કાલુસિંગ અખેસિંગ રાજપુતનાઓનું મરણ તા.૨૦/૧૧/૧૯૯૬ના રોજ ૧૦૦, શર્માની ચાલી, પાવર હાઉસ કોલોની સામે, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના દાદાના મરણની નોંધ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, કોઠા ભવન, દાણાપીઠ (સાબરમતી વોર્ડ), અમદાવાદ રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી (અવાક્ય)
(નિલેશ બી રબારી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
સીટી મામલતદાર સાબરમતી
અમદાવાદ

# PGVCL અને પોલીસનું મેગા ઓપરેશન, ૧.૨૫ કરોડની લાઈવ વીજચોરી પકડી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર શહેરમાં સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતા તત્વો સામે સુરેન્દ્રનગર એ. ડીવિઝન પોલીસ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા એક મોટું સંયુક્ત મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન અંતર્ગત શહેરમાંથી અધધધ ૧.૨૫ કરોડની કિંમતની ગેરકાયદેસર વીજચોરી ઝડપી પાડવામાં આવી છે. તંત્રના આ અચાનક અને કડક પગલાંથી સ્થાનિક સ્તરે વીજચોરી કરતા ઈસમો અને ગુનાહિત પ્રવૃત્તિ આચરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સુરેન્દ્રનગર પોલીસના ૧૦૦ જેટલા હથિયારધારી જવાનો અને PGVCL ના ઉચ્ચ અધિકારીઓ સહિતની ૪૦ થી વધુ ખાસ ટીમોએ સાથે મળીને શહેરના સંવેદનશીલ ગણાતા વિસ્તારો જેવા કે લક્ષ્મીપરા, પોપટપરા, કૃષ્ણનગર અને મિયાણાવાડમાં સામૂહિક કોમ્બિંગ અને ચેકિંગ હાથ ધર્યું હતું.

**પશ્ચિમ રેલ્વે**

**RPF પરેડ ગ્રાઉન્ડનું અપગ્રેડેશન**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008. ટેન્ડર સૂચના નં.: BCT/26-27/39 તારીખ: 15/05/2026. કામ અને સ્થળ: વિરાર-જોરાવાસન વિભાગ: આરપીએફ પરેડ ગ્રાઉન્ડનું અપગ્રેડેશન, શૌચાલય અને સંલગ્ન સુવિધાઓ સાથે નવા મહિલા સ્ટાફ ચેન્જિંગ રૂમનું બાંધકામ, અને આરપીએફ/ઝેડટીસી/બીએલ ખાતે નર્મદા અને ગિરનાર બેરેકનું સંપૂર્ણ નવીનીકરણ. (ઇલેક્ટ્રિકલ (P) કામો સહિત સંયુક્ત ટેન્ડર) અંદાજિત કામનો ખર્ચ: ₹4,98,26,018.67/- EMD: 9,96,500/-. સબમિટ કરવાની તારીખ અને સમય: તા.09.06.2026 ના 15.0.0 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.09.06.2026 ના રોજ. 15.30 કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0127

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/10 (2026-27) તારીખઃ 19.05.2026

**હાલના 66kV ઓવરહેડ પાવર લાઈન ક્રોસિંગ્સનું બદલીકરણ**

ટેન્ડર નં. TRD-ADI-T-10-2026-27

**કામનું નામઃ** સાબરમતી-કલોલ સેક્શનઃ- હાલના 66kV ઓવરહેડ પાવર લાઈન ક્રોસિંગ્સનું અન્ડરગ્રાઉન્ડ કેબલ દ્વારા બદલીકરણ. **અંદાજીત પડતરઃ** ₹ ૪,૭૯,૭૩,૨૭૮.૮૪/- **અર્નેસ્ટ મનીઃ** ₹ ૯,૫૯,૫૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૧૬-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૧૬-૦૬-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામુંઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-038

અમને લાઈક કરો: facebook.com/WesternRly

APK નામની લિંક ઉપર ક્લિક કર્યું તો રડશો રાતા પાણીએ

# ગુજરાતી મહિલાએ ગૂગલ પર રેપિડોનો નંબર શોધવામાં રૂપિયા ૫૦,૦૦૦ ગુમાવ્યા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજકાલ દેશમાં સરકાર, મીડિયા, પોલીસ, બેંક્રો વારંવાર જનતાને જાગૃત કરી રહ્યા છે એ છતાંય ડિજિટલ સાયબર સ્કેમમાં હજી પણ કેમ રકમો ગુમાવી રહ્યા છે લોકો? આવો જ કિસ્સો સામે આવ્યો છે દક્ષિણ મુંબઈમાં બ્રીચ કેન્ડી નજીક રહેતા ૪૧ વર્ષના ગુજરાતી મહિલા મોબાઈલ ફોન દ્વારા રેપિડો કંપનીનો નંબર શોધવા ગયા એમાં રૂપિયા ૫૦,૦૦૦/- તેમના બેંક ખાતામાંથી ઉપડી ગયા હતા. આ મામલે ગામદેવી પોલીસે ગઈકાલે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પર્સનાલીટી ટ્રેઈનર મહિલાના પિતા ૧૩ એપ્રિલે પોતાનો મોબાઈલ ફોન રેપિડો કેબમાં ભૂલી ગયા હતા. પિતાને મદદ કરવા મહિલાએ ગૂગલ પર રેપિડો નો કસ્ટમર કેરનો નંબર સર્ચ કર્યો હતો. ત્યાંથી મળેલા એક નંબર પર સંપર્ક કરતા સાયબર ગઠિયાઓએ પોતાની જાળમાં ફસાવીને મહિલાના બેંકના ખાતામાંથી માત્ર થોડી જ મિનિટોમાં બે ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૫૦,૦૦૦/- ની ઉઠાંતરી કરી હતી. પૈસા માટે વધુ તપાસ શરૂ કરી છે.

ત્યારે સાયબર ગઠિયાઓએ કસ્ટમર સપોર્ટના બહાને મહિલાના વોટ્સએપ પર customer support.apk નામની એક લિંક મોકલી હતી અને ટેકસી ટ્રેક કરવાના નામે ૧૦ રૂપિયા મોકલવા જણાવ્યું હતું. મહિલાએ જેવુ આ લિંક પર ક્લિક કર્યું કે તરત જ તેનો મોબાઈલ હેક થઈ ગયો હતો. અને થોડીવાર માટે હેન્ગ થઈ ગયો હતો. શંકા જતા મહિલાએ ફોન સ્વીચડ ઓફ કરીને ચાલુ કર્યો ત્યાં સુધીમાં તેના ખાતામાંથી પૈસા ડેબિટ થઈ ગયાના મેસેજ આવી ચૂક્યા હતા.

મહિલાએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. અમે ફરિયાદી નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. માટે સાવધાન રહો.

ઈરાન સંઘર્ષ વચ્ચે એક અઠવાડીયામાં બીજીવાર

# વધેલા પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવની ઝાળ ક્યાં સુધી દઝાડશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં મોંઘવારીનો મહારાક્ષક અટ્ટહાસ્ય સાથે પ્રજાને આર્થિક રીતે ગળી જવા તૈયાર છે.ત્યારે જીવન જરૂરી દરેક ચીજ વસ્તુઓ મોંઘીદાટ થઈ રહી છે. ગત માર્ચ માસમાં આ ચીજ વસ્તુઓનો જે ભાવો હતા એમાં એપ્રિલ માસ માં ભયંકર વધારો થઈ ગયો હતો. અને વર્તમાન મે માસમાં પણ આ ભાવ વધારાની રોકેટગતિ જારી જ છે ત્યારે દેશના કરોડો સામાન્ય નાગરિકોનું જીવન દિનપ્રતિદિન વધુને વધુ કપરૂ થઈ રહ્યું છે. અને આગામી દિવસો કેવા જશે એની કલ્પના પણ ધ્રુજાવી રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે એવી આશંકા પહેલાથી જ વ્યક્ત કરવામાં આવી હતી કે તેલ અને ગેસની અછતને કારણે આવનારા દિવસોમાં આવશ્યક ચીજ વસ્તુઓના ભાવમાં વધારો થવાનો છે. સામાન્ય લોકો માટે ખાસ કરીને રસોઈ ગેસની અછતને કારણે ઊભી થયેલી મુશ્કેલ પરિસ્થિતિઓથી દરેક વ્યક્તિ સારી રીતે વાકેફ છે. આ સમયગાળા દરમિયાન દેશમાં ઈંધણ,વીજળી અને ક્રૂડ તેલના ભાવમાં વધારાને કારણે એપ્રિલમાં જથ્થાબંધ ફુગાવાનો દર ૮.૩% નોંધાયો હતો. જે માર્ચમાં ૩.૮૮% હતો. તે સ્પષ્ટ છે કે આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિઓ એ હવે સ્થાનિક બજાર પર પોતાનો પ્રભાવ પાડવાનું શરૂ કર્યું છે. આ સંજોગોમાં જો ખાદ્ય પદાર્થોથી લઈને અન્ય દૈનિક જરૂરિયાતો સુધીની દરેક વસ્તુના ભાવ નિયંત્રણ બહાર નીકળી જાય, તો તે બીજે બધે તો ઠીક પણ આપણે ત્યાંય હાહાકાર સર્જાશે. અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને કારણે ઉર્જા સંકટને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આંતરરાષ્ટ્રીય સ્તરે તેલ અને ગેસ ઉત્પાદક દેશો સાથે રાજધ્વારી વાતચીત શરૂ કરવાની અને દેશ સામે આવતી ગંભીર મુશ્કેલીઓને દૂર કરવા માટે સક્રિય પગલાં લેવાની તાત્કાલિક જરૂર છે.

## હું તમને જીવતા જમીનમાં દાટી દઈશઃ ગાંધીનગરમાં આઈએએસ અધિકારી એ ધમકી આપતા કર્મચારીઓ મેદાનેઃ કહ્યું સરકાર પગલા નહી ભરે તો જોયા જેવી થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વર્ષ ૨૦૨૩ માં સાબરકાંઠામાં થયેલા કથિત હુમલાથી ચર્ચામાં આવેલા આઈએએસ અધિકારી નિતીન સાંગવાન ફરી વિવાદમાં આવ્યા છે.

હાલ ગાંધીનગર ખાતે રોજગાર અને તાલીમ કચેરીના નિયામક તરીકે ફરજ બજાવતા આઈએએસ નિતીન સાંગવાન સામે તેમની જ કચેરીના કર્મચારીઓએ બાંયો ચડાવી છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે નીતિન સાંગવાન કર્મચારીઓને જીવતા જમીનમાં દાટી દેવાની ધમકીઓ સાથે અસભ્ય વર્તન કરી રહ્યા છે.

મુળ હરીયાણાના અને વર્ષ ૨૦૧૬ ની બેચના આઈએએસ અધિકારી નિતીન સાંગવાન હાલ ગાંધીનગર ખાતે રોજગાર અને તાલીમ કચેરીના નિયામક તરીકે ફરજ બજાવે છે. જેમના દ્વારા તેમની કચેરીના કર્મચારીઓને ગર્ભીત ધમકીઓ આપતા હોવાના આક્ષેપ થયા હોવાની ઘટના બહાર આવી છે. કર્મચારીઓ જણાવી રહ્યા છે કે નિતીન સાંગવાન વારંવાર તેમની સાથે અસભ્ય ભાષામાં વર્તન અને ધમકીઓ આપે છે. આજે બુધવારે કર્મચારીઓએ ભેગા મળીને સરકારમાં આવેદનપત્ર આપીને રજુઆત કરી છે અને જો આઈએએસ નિતીન સાંગવાન સામે પગલા નહી ભરવામાં આવે તો મોટા પાયે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

આ અંગે ગુજરાત રાજય કર્મચારી મંડળના મહાપ્રમુખ ગુંજન પટેલે જણાવ્યુ હતુ કે આઈએએસ અધિકારી નિતીન સાંગવાન દ્વારા અચાનક જ ગર્ભીત રીતે અને કોઈપણ પ્રકારની ચકાસણી વગર અમારી બદલી કરી દેવામાં આવે છે.

નિતીન સાંગવાન દ્વારા એકવાર નહી પણ અનેકવાર અમને સસ્પેન્ડ કરવાની કે બદલી કરી દેવાની ધમકીઓ આપવામાં આવે છે. અમારા ઉપરી અધિકારીઓને પણ હું તમને જીવતા જમીનમાં દાટી દઈશ, તને બારીની બહાર ફેંકી દઈશ, તમને ચુંટણીની કોઈપણ કાર્યવાહીમાં જવા જ નહી દઉ, તમને આખી રાત રૂમમાં પુરીને ગોંધીને રાખીશ સહિતની ધમકીઓ સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કરવામાં આવે છે.




વર્ષ ૨૦૨૩ માં ગુજરાતના ડીરેકટર ઓફ ફીશરીઝ તરીકે ફરજ બજાવતા નિતીન સાંગવાન વર્ષ ૨૦૨૩ ના માર્ચ મહિનામાં સાબરકાંઠા જિલ્લાના ધરોઈ ડેમ ખાતે ફીશરીઝ પ્રોજેકટમાં થયેલી કથિત ગેરરીતીની તપાસ માટે ગયા હતા, જે દરમિયાન તેમના પર બાબુ પરમાર નામના વ્યકિતએ ટોળા સાથે કથિતપણે હુમલો કર્યો હતો. કથિત હુમલા બાદ વડાલી પોલીસ સ્ટેશનમાં મુખ્ય આરોપી બાબુ પરમાર સહિત ૧૫ થી ૧૭ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધાયો હતો. તો બીજી તરફ સામા પક્ષે આરોપી બાબુ પરમારે પણ આઈએએસ નિતીન સાંગવાન અને તેમની ટીમ સામે જાતિસુચક શબ્દો બોલી અને મારઝુડ કરવાનો આરોપ લગાવ્યો હતો.

# ૨૫ લાખ શિક્ષકો પર જોખમઃ ટેટ પાસ ન કરી તો આપવુ પડશે રાજીનામું

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશભરના લાખો શિક્ષકો માટે હવે શિક્ષક પાત્રતા પરીક્ષા (ટેટ) સૌથી મોટી ચિંતાનો વિષય બની ગઈ છે. સુપ્રિમ કોર્ટે તાજેતરમાં કરેલી ટીપ્પણી બાદ સ્પષ્ટ સંકેત મળ્યા છે કે ટેટ પાસ કર્યા વિના નોકરી કરતા શિક્ષકોને હવે સહેલાઈથી રાહત નહી મળે, કોર્ટે સ્પષ્ટ કહ્યુ છે કે માત્ર નોકરી બચાવવાની ચિંતા કરવી યોગ્ય નથી, બાળકોને સારી અને ગુણવત્તાયુકત શિક્ષણ આપવુ પણ એટલુ જ મહત્વપૂર્ણ છે.



સપ્ટેમ્બર ૨૦૨૫ માં સુપ્રિમ કોર્ટે એક મોટો નિર્ણય લીધો હતો. કોર્ટે કહ્યુ હતુ કે દેશની તમામ શાળાઓમાં ધોરણ ૧ થી ૮ સુધી શિક્ષણ આપતા શિક્ષકોને બે વરસની અંદર ટેટ પાસ કરવુ ફરજીયાત રહેશે, જો કોઈ શિક્ષક નિર્ધારીત સમયગાળા દરમિયાન ટેટ પાસ નહી કરી શકે તો તેની નોકરી પર અસર પડી શકે છે. આ નિર્ણય સામે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, તામીલનાડુ અને અન્ય રાજયો દ્વારા પુનઃ વિચાર અરજી દાખલ કરવામાં આવી હતી, ઘણા શિક્ષક સંગઠનો પણ કોર્ટ પાસે રાહત માંગવા પહોચ્યા હતા. સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે કડક ટીપ્પણી કરી હતી, કોર્ટે કહ્યુ હતુ કે શિક્ષકોએ માત્ર પોતાની નોકરી ની સુરક્ષા વિશે નહી પણ બાળકોના ભવિષ્ય વિશે પણ વિચારવુ જોઈએ, જેમને સારા શિક્ષણની જરૂર છે, સુનાવણી કરતી બેન્ચના અધ્યક્ષ જસ્ટીસ દિપાંકર દત્તાએ કહ્યુ હતુ કે શિક્ષણનો અધિકાર કાયદો બાળકોના હિત માટે બનાવાયો છે. તેથી શિક્ષકોની ન્યુનત્તમ લાયકાત સુનિશ્ચિત કરવી જરૂરી છે. દેશના અનેક રાજયો જેમ કે ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં લગભગ ૨૫ લાખ થી વધુ એવા શિક્ષકો છે.

જે વરસોથી ટેટ પાસ કર્યા વિના શિક્ષણ આપી રહ્યા છે. હવે તેમને સપ્ટેમ્બર ૨૦૨૫ ના નિર્ણય પછી બે વરસની અંદર ટેટ પાસ કરવી ફરજીયાત રહેશે. જો શિક્ષકો આવુ નહી કરી શકે તો તેમને નોકરી છોડવી પડી શકે છે. અથવા ફરજીયાત નિવૃત્તિનો સામનો કરવો પડી શકે છે. જો કે જેમની નોકરીમાં માત્ર પાંચ વરસ બાકી છે તેમને થોડી રાહત આપવામાં આવી છે. પણ પ્રમોશન માટે તેમને પણ ટેટ પાસ કરવુ ફરજીયાત રહેશે. સુપ્રિમ કોર્ટે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા પછી પુનઃ વિચાર અરજી પર નિર્ણય રીઝર્વ રાખ્યો છે. હવે લાખો શિક્ષકોની નજર કોર્ટે આપનારા અંતિમ નિર્ણય પર ટકી છે.

## અખીલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશને નાયબ મુખ્યમંત્રી સંઘવીને લખ્યો પત્ર : ડીઝલની વર્તાતી ગંભીર અછત અંગે તાકીદે રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ગુડસ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે એક નવી કટોકટી સર્જાવાના એંધાણ દેખાઈ રહ્યા છે. અખીલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા રાજયના ગૃહ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને એક સત્તાવાર પત્ર પાઠવીને રાજયના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલીયમ પ્રોડકટસ ખાસ કરીને ડીઝલની વર્તાતી ગંભીર અછત અંગે તાકીદે રજુઆત કરવામાં આવી છે.



એસોસીએશનના પ્રમુખ અને પૂર્વ રાજયમંત્રી વાસણ આહીર દ્વારા લખાયેલા આ પત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે જો આ પરિસ્થિતિ પર ત્વરીત કાબુ મેળવવામાં નહી આવે તો સમગ્ર રાજયમાં માલ સામાનની હેરફેર ખોરવાઈ શકે છે. પત્રમાં કરવામાં આવેલી સત્તાવાર રજુઆત અનુસાર છેલ્લા ઘણા સમયથી ખાસ કરીને કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ડીઝલની ભારે અછત વર્તાઈ રહી છે. આ અછતના કારણે ગ્રામ્ય અને અંતરીયાળ વિસ્તારોમાં આવેલા કેટલાય પેટ્રોલપંપો સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. ઈંધણ ન મળવાને કારણે રાજયમાં માલ સામાનના આવાગમન અને લોજીસ્ટિકસ વ્યવસ્થા પર ખુબ જ વિપરીત અસર પડી રહી છે. આ ગંભીર પરિસ્થિતિ ને લીધે રાજયના વેપાર, ઉદ્યોગો અને કોમર્સ ક્ષેત્રને ખુબ જ મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત ગુજરાતના મહત્વના બંદરો પર પણ ટ્રાન્સપોટેશનની સ્થિતિ અત્યંત વિકટ બની ગઈ છે. એસોસીએશને ચિંતા વ્યકત કરતા જણાવ્યુ હતુ કે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પહેલેથી જ વૈશ્વિક અને સ્થાનિક આર્થિક મંદીના કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા મોટા ભાગના લોકો સીંગલ ઓપરેટર છે. એટલે કે તેઓ માત્ર એક કે બે ટ્રક ચલાવીને પોતાના પરીવારનુ ગુજરાન ચલાવે છે અને લાખો લોકોની રોજી રોટી આ ધંધા પર જ આધારીત છે. આવી સ્થિતિમાં જો ઈંધણની અછતને કારણે ટ્રાન્સપોર્ટરોને પોતાની ગાડીઓ એક દિવસ પણ રોડ પર ઉભી રાખવી પડે તો તેમને બહુ મોટુ આર્થિક નુકશાન સહન કરવુ પડે તેમ છે. જે નાના ઓપરેટરોની આર્થિક કમર તોડી નાખશે.સમગ્ર ટ્રાન્સપોર્ટ સમુદાય વતી એસોસીએશને રાજયના નાયબ મુખ્યમંત્રીને નમ્ર અપીલ કરી છે કે આ બધા વિસ્તારોમાં પેટ્રોલીયમ પ્રોડકટસ અને ડીઝલનો પુરતો જથ્થો સમયસર મળી રહે તેવી તાકીદની વ્યવસ્થા કરવામાં આવે, જેથી વાહન વ્યવહાર પૂર્વવત થઈ શકે, ઉલ્લેખનીય છે કે આ પત્રની નકલ કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી નાગરીક અને ગ્રાહક સુરક્ષા મંત્રી તેમજ અગ્રસચિવ હારીત શુકલા આઈએએસ બંદરો અને વાહન વ્યવહાર વિભાગને પણ યોગ્ય અને ત્વરીત કાર્યવાહી અર્થે રવાના કરવામાં આવી છે.


# જામનગર શહેરની આરટીઓ કચેરીમાં પરીવહન પોર્ટલમાં ધાંધીયાથી અરજદારો ને ધરમ ધકકા

### પોર્ટલ ધીમી ગતિએ ચાલતા તો છાશવારે બે-ત્રણ કલાક ડાઉન થતા ઠપ થતી કામગીરી

પ્રતિનિધિ,ગાંધીનગર

જામનગર આરટીઓ કચેરીમાં વાહન વ્યવહાર પરીવહન પોર્ટલમાં ધાંધીયાથી ધરમના ધકકા થઈ રહ્યા હોવાની ફરીયાદો અરજદારોમાં જોરશોરથી ઉઠી છે. પોર્ટલ ધીમી ગતિએ ચાલતા તો છાશવારે બે-ત્રણ કલાક ડાઉન થતા કામગીરી ઠપ થઈ જાય છે. એટલુ જ નહી જી-સ્વાનની કનેકટીવિટી પણ ન મળતા મુશ્કેલી વેડફાઈ છે. જેના કારણે લોકોના સમય અને નાણાંનો વેડફાટ થઈ રહ્યો છે. રાજયની સાથે જામનગરની આરટીઓ કચેરીમાં પણ છેલ્લા બે-ત્રણ દિવસથી કેન્દ્ર સરકારના પરીવહન પોર્ટલના સર્વરમાં ટેકનીકલ ખામીથી ધાંધીયાએ માઝા મુકી છે. આથી પરીવહન પોર્ટલ આધારીત આરટીઓની તમામ કામગીરી ખોરંભે ચડી રહી છે.

આરટીઓ કચેરીમાં મોટાભાગની કામગીરી ઓનલાઈન હોય પોર્ટલ ન ચાલતા હોય તો બે થી ત્રણ કલાક ડાઉન થતા વાહનોની ટ્રાય સહિતની કામગીરી ઠપ થઈ જાય છે. આરટીઓ કચેરીમાં રોજેરોજ ૧૫૦ થી ૨૦૦ જેટલા અરજદારો જુદી જુદી કામગીરી અર્થે આવતા હોય છે. ત્યારે કલાકો સુધી પોર્ટલ અને સર્વર બંધ રહેતા અરજદારોને ના છુટકે કચેરીમાં બેસી રહેવુ પડે છે. એટલુ જ નહી ત્યારબાદ પણ પોર્ટલમાં ધાંધીયાથી કામગીરી ન થતા ધરમના ધકકા થઈ રહ્યા છે. આથી અરજદારોના સમય અને નાણાંનો વેડફાટ થતા ભારે દેકારો બોલી ગયો છે. એટલુ જ નહી




આરટીઓ કચેરીમાં જી-સ્વાનની કનેકટીવિટીમાં ધાંધીયાથી મુશ્કેલી બેવડાઈ છે. જેના કારણે કચેરીમાં વાહન માલીકો, ડીલરો અને અરજદારોને વાહન નોંધણી, ટેક્ષની ભરપાઈ સહિતની ઓનલાઈન સેવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિમાં વાહન વ્યવહાર કમિશ્નર કચેરી દ્વારા નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર દ્વારા સર્વરની કાર્યક્ષમતા વધારવા અને સુવિધાઓને વધુ સશકત બનાવવાના હેતુથી કલાઉડ સર્વરને નવા પ્લેટફોર્મ પર અપગ્રેડ કરવાની રાષ્ટ્રીય કામગીરી હાથ ધરવામાં આવી છે. આથી કેટલીક ટેકનીકલ સમસ્યા થતા સેવા પર અસર પડી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. એટલુ જ નહી પરીવહન પોર્ટલમાં ધાંધીયાના પગલે અગાઉથી બુક થયેલ એપોઈન્ટમેન્ટ ની જરૂર મુજબ રી-શેડયુલ કરવા તથા અરજદારોને યોગ્ય માર્ગદર્શન અને સહાય પુરી પાડવા આરટીઓ કચેરીને સુચના આપવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે જામનગરમાં આરટીઓ કચેરી શહેરની દુર એટલે કે ૪ કિ.મી. જેટલા અંતરે આવેલી હોય પોર્ટલમાં ધાંધીયાથી આકરા તાપ અને ગરમીમાં ધરમના ધકકા થતા અરજદારોમાં દેકારા સાથે ભારે રોશની લાગણી ફેલાઈ છે. જામનગરની આરટીઓ કચેરીમાં પરીવહન પોર્ટલમાં ધાંધીયાથી ધરમના ધકકા ખાઈ રહ્યા હોવાની ફરીયાદો અરજદારોમાં જોરશોરથી ઉઠી છે.

# ડોકટરોની ઘટ : સુવિધાના અભાવે ગુજરાતીઓ સરકારીને બદલે ખાનગી દવાખાનામાં સારવાર લેવા મજબુરઃ કોંગ્રેસ

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્ર સરકારના હાઉસ હોલ્ડ સોશીયલ કન્ઝમ્પશન હેલ્થ અહેવાલમાં ગુજરાત સરકારની પોલ ખુલી ગઈ છે. રાજયમાં ડોકટરોની ઘટ અને સરકારી હોસ્પિટલોમાં અપુરતી સુવિધાને કારણે આરોગ્યતંત્ર ખાડે ગયુ છે. અને નાગરીકો ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા મજબુર બન્યા છે.

તો બીજી રીતે કહીએ તો ગુજરાતના લોકોનો રાજયના આરોગ્ય વિભાગ પરથી ભરોસો ઉઠી ગયો છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ દ્વારા સારવાર માટે કરાતા ખર્ચમાં પણ તોતીંગ અસમાનતા જોવા મળી રહી છે. જે ચિંતાનો વિષય છે તેવુ કોંગ્રેસે જણાવ્યુ છે. કોંગ્રેસ પ્રવકતા ડો. પાર્થિવ રાજ કઠવાડીયાએ જણાવ્યુ છે કે શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સરકારી હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલોમાં જન્મતા બાળકોની સંખ્યા ટકાવારીની રીતે જોઈએ તો લોકો સરકારી હોસ્પિટલોને બદલે ખાનગી હોસ્પિટલો પર વધુ વિશ્વાસ રાખતા હોય તેવા ચોંકાવનારા આંકડા છે. આ ઉપરાંત કોઈપણ બિમારી માટે સારવાર માટેના સરેરાશ ખર્ચની સરખામણી હોય કે દર્દીનો આઉટ ઓફ પોકેટ ખર્ચ તમામ મોરચે લોકોનો સરકારી આરોગ્ય સેવાઓ પરથી ભરોસો ઉઠી ગયો હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.




ગુજરાતની જાહેર આરોગ્ય વ્યવસ્થા ખાનગી કંપનીઓને સોંપવાની નીતિ નાગરીકો માટે ઘાતક પુરવાર થઈ રહી છે. ગુજરાતની આરોગ્ય વ્યવસ્થામાં મુખ્યત્વે તબીબી સુવિધાઓનો અભાવ અને ડોકટરોની ઘટ જવાબદાર છે. સરકારી આરોગ્ય વ્યવસ્થાની બેહાલીને કારણે ગુજરાતની જનતાને ફરજીયાત ખાનગી હોસ્પિટલના શરણે જવુ પડે છે.

## પાટણના પીતાંબર તળાવની ફરતે થયેલા બિનઅધિકૃત દબાણો દુર કરવાની નોટીસ મળતા જ સ્થાનિક શ્રમજીવી પરીવારોએ ભારે હોબાળો મચાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણના ઐતિહાસિક પીતાંબર તળાવની ફરતે થયેલા બિનઅધિકૃત દબાણો દુર કરવાની નોટીસ મળતા જ સ્થાનિક શ્રમજીવી પરીવારોએ ભારે હોબાળો મચાવ્યો છે. ચોમાસા અગાઉ તળાવની આસપાસની જગ્યા ખાલી કરાવવા માટે નગરપાલિકાએ ૧૦૪ રહીશોને નોટીસો ફટકારી છે.




ત્યારે પોતાના ઘરો છીનવાઈ જવાની ભીતી વચ્ચે ૧૫૦ શ્રમિક પરીવારો નગરપાલિકા કચેરીએ પહોચ્યા હતા. તેમજ વૈકલ્પિક આવાસની માંગ કરી હતી. સ્થાનિકોએ ચીમકી આપી હતી કે જો તેમની માંગ સ્વીકારવામાં નહી આવે તો આગામી દિવસોમાં તેઓ જિલ્લા કલેકટર કચેરી ખાતે ભુખ હડતાળ પર ઉતરશે. તો બીજી તરફ નગરપાલિકાના ચીફ ઓફીસરે શ્રમજીવીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.